# ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતું મૂલ્ય શિક્ષણ

ડૉ. સુનિલદત્ત વી. વ્યાસ
અધ્યાપક સહાયક,
શ્રી ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર

## ૧. પ્રસ્તાવના

માનવ જીવનનું સંબંધ મૂલ્ય સાથે છે.મૂલ્ય વગરનું જીવન નીરસ હોય છે. પ્રાચીન કાળથી બાળ વિકાસ માટે મૂલ્યોને પ્રાધાન્યતા આપવામાં આવતી હતી.તેના આધારે ગુરૂકુળોમાં શિક્ષણ આપવામાં આવતું હતું.શિક્ષણનો સંબંધ માનવજીવન સાથે હતું.માનવ જીવન ને લક્ષ્ય રાખીને દરેક ગ્રંથો લખાતાં હતા.દરેક ગ્રંથનો સંબંધ મૂલ્ય સાથે હતું.વર્તમાન સમયમાં પણ પુસ્તકોનો સંબંધ માનવજાતનાં વિકાસ માટે છે.પ્રત્યેક પાઠ્યપુસ્તકનાં લેખન પૂર્વે વિચાર કરવામાં આવે છે કે પુસ્તક દ્વારા કયા મૂલ્યનો વિકાસ કરવામાં આવશે ?બાળકનાં જીવન વિકાસ માટે ધાર્મિક,નૈતિક,પર્યાવરણીય,આર્થિક,શારીરિક,માનવિક મૂલ્યો વગેરે જરૂરી છે. બાળકમાં પ્રમાણિકતા,પ્રકૃતિપ્રેમ,સંસ્કૃતિપ્રેમ,દેશપ્રેમ,આદર,કરૂણા,દયા જેવા મૂલ્યોનું વિકાસ થાય તો દેશમાં શ્રેષ્ઠ નાગરિકોનું નિર્માણ થાય છે. ધોરણ ૧૦ની સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં વિવિધ પાઠોનું સમાવેશ કરવામાં આવ્યું છે. વિવિધ પાઠો દ્વારા અલગ અલગ મૂલ્યશિક્ષણ વર્ગ ખંડમાં આપવામાં આવે છે.તેના દ્વારા બાળકોમાં વિવિધ મૂલ્યોનો વિકાસ થાય છે.વર્ગ ખંડમાં ભણાવતી વખતે સંસ્કૃત પાઠોમાં સમાવિષ્ટ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ધોરણ ૧૦ ની સંસ્કૃત પાઠ્યપુસ્તક દ્વારા મૂલ્યશિક્ષણ કેવી રીતે અપાય છે? ધોરણ ૧૦ ની સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં બાળવિકાસ માટે કયા કયા મૂલ્યશિક્ષણની વાત કરવામાં આવી છે? તે વિચારો ને ધ્યાન માં રાખી નિમ્ન વિષય નક્કી કરવામાં આવ્યો છે.

## ૨. સમસ્યા શીર્ષક

ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતું મૂલ્ય શિક્ષણ

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનનાં નીચે મુજબ હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા.

૧. મૂલ્ય શિક્ષણની સંકલ્પનાનું અધ્યયન કરવું.
૨. ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતું મૂલ્ય શિક્ષણનું અધ્યયન કરવું.

## ૩. સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનનાં નીચે મુજબ પ્રશ્નો હતા.

૧. મૂલ્ય શિક્ષણની સંકલ્પના શી છે?
૨. ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતું મૂલ્ય શિક્ષણ શું છે?

## ૪. સંશોધનની પદ્ધતિ અને માહિતી એકત્રિકરણ

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે? માહિતી એકત્રીકરણ માટે ધોરણ ૧૦ની સંસ્કૃતપુસ્તકનાં પાઠોમાંથી મૂલ્ય શિક્ષણના તત્વોને શોધીને કાઢવામાં આવ્યા છે.અને તેના દ્વારા બાળકોમાં શો વિકાસ થાય છે.એવી રીતે માહિતી એકત્રીકરણનું કાર્ય કરવામાં આવ્યું છે.

## ૫. સંશોધનનો વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ ૧૦ની ભાષા સંબંધી સાહિત્ય જેમ કે હિન્દીપુસ્તક ,અંગ્રેજીપુસ્તક , સંસ્કૃતપુસ્તક વ્યાપવિશ્વ બને છે જેમાંથી ધોરણ ૧૦ની સંસ્કૃતપુસ્તકને નમૂના રૂપમાં લેવામાં આવી છે.

## ૬. સંશોધનનાં ઉપકરણો

પ્રસ્તુત સંશોધન માટે બે પ્રકારના ઉપકરણો ને સ્રોત રૂપમાં લેવામાં આવ્યા હતા.

### *૬.૧ પ્રાથમિક સ્રોત*

પ્રસ્તુત સંશોધન માટે મુખ્ય સ્રોત તરીકે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ ૧૦ની સંસ્કૃત પુસ્તકને સ્વીકાર કરવામાં આવી છે.

### *૬.૨ ગૌણ સ્રોત*

પ્રસ્તુત સંશોધન માટે સંબંધિત સાહિત્ય અને સંશોધન પત્રોને ગૌણ સ્રોત તરીકે લેવામાં આવ્યા છે.

## ૭. ચાવી રૂપ શબ્દોની વ્યાખ્યા

### *૭.૧ ધોરણ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તક*

ધોરણ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તક જે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પુસ્તક.

### *૭.૨ નિષ્પન્ન*

નિષ્પન્ન એટલે તેમાંથી નીકળતું અર્થાત્ ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પાઠોમાંથી કયાં મૂલ્ય શિક્ષણની વાત કરવામાં આવી છે.તેવા પાઠ અંતર્ગત મૂલ્યોને શોધી ને કાઢવા. અને સંશોધન પત્રમાં તેનું નિરૂપણ કરવું.

### *૭.3 મૂલ્ય શિક્ષણ*

મૂલ્ય શિક્ષણ અર્થાત્ મૂલ્યપરક જ્ઞાન. શિક્ષણ દ્વારા મૂલ્યોનો વિકાસ કરવું.સંસ્કૃતનાં ગદ્ય,પદ્ય,સુભાષિતો દ્વારા મૂલ્યશિક્ષણની વાત કરવામાં આવી છે.તે મૂલ્યોનું સંબંધ મન સાથે છે.મૂલ્ય આત્મસાતનો વિષય છે.

શિક્ષણ દ્વારા મૂલ્યોનું જ્ઞાન કરાવવામાં આવે ત્યારે તે જ્ઞાન મૂલ્ય શિક્ષણ તરીકે ઓળખાય છે. જેનાથી બાળકનો વિકાસ,જીવન સુખમય અને ઉન્નત બને છે.

### ૮. સંશોધનની પ્રયુક્તિ

પ્રસ્તુત સંશોધનમાં **વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ**નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ૯. સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર **ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પાઠોમાંથી નિષ્પન્ન થતું મૂલ્ય શિક્ષણ** સુધી સીમિત રાખવામાં આવેલ છે.

### ૧૦. સંશોધનનાં તારણો

પ્રસ્તુત સંશોધન માટે ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પાઠોમાં આવેલા મૂલ્ય શિક્ષણનાં વિચારોનો સ્વ બુદ્ધિ વિવેક દ્વારા દોહન કરી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા તારણો તારવવામાં આવ્યા હતા.જેનું વિવેચન આ પ્રમાણે છે.

**૧.મૂલ્ય શિક્ષણની સંકલ્પનાનું અધ્યયન કરવું**

મૂલ્ય એટલે ઉપયોગી,ગુણવત્તાવાળું,મહત્વનું,મેળવવાને યોગ્ય કે મૂલવી શકાય તેવું.બીજા અર્થમાં મૂલ્ય એટલે કીમત,દર,દામ, ટૂંકમાં માનવ ઈચ્છાને સંતોષતુ જૈવિક પરિબળ એટલે મૂલ્ય. કાકાસાહેબ કાલેલકર મૂલ્ય વિશે કહે છે કે, ‘’મૂલ્ય એટલે વિવેક જીવનરીતિમાં પ્રણાયેલો વિવેક’’. શિક્ષણ એટલે જ્ઞાન. વિદ્યાનું આદાન પ્રદાન કરવું, ચાણક્ય શિક્ષણ વિશે લખે છે કે, ‘’શિક્ષણ એટલે શિષ્ટાચાર માહિતી તાલીમ અને દેશ તથા કુદરત પ્રત્યેનો પ્રેમ’’. શિક્ષણ દ્વારા વ્યક્તિને આચરણની તાલીમ આપવામાં આવે છે.વ્યક્તિના શિષ્ટ સાથે આવે તેને શિક્ષણ કહેવાય.

મૂલ્ય શિક્ષણ એટલે માનવ માત્રમાં કુટુંબ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદભાવ અને સમભાવ જાગે તેવા કાર્યો કરવા પ્રેરવા તેને મૂલ્ય શિક્ષણ કહી શકાય.મૂલ્યશિક્ષણ જ્ઞાનનો વિષય નથી આચરણનો વિષય છે.એમ સ્પષ્ટ થાય છે. એટલે મનના સંસ્કાર અને હૃદયના ઘડતરની કેળવણીનો વિચાર અહી કેન્દ્રસ્થાને છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના મતે બાળકોને ભારતીયસંસ્કૃતિથી પરિચિત કરાવવાનાં છે. ભારતની સામાજિક, આર્થિક, આધ્યાત્મિક, ધાર્મિક, શિક્ષણ વિષયક, કલા વિષયક, કૌટુંબિક અને શૈક્ષણિક સિદ્ધિઓનો બાળકોને પરિચય કરાવવાનો છે.

**૨.ધોરણ ૧૦ સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતું મૂલ્ય શિક્ષણનું અધ્યયન કરવું**

માનવ જીવન અને વિકાસને ધ્યાનમાં રાખીને વર્ગખંડ શિક્ષણની પુસ્તકોની રચના કરવામાં આવે છે.જેમાં અલગ અલગ પાઠો હોય છે. જેના થકી બાળકના વિકાસ માટે આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, આર્થિક, શારીરિક, જૈવિક, વૈશ્વિક, વ્યક્તિગત, પ્રાકૃતિક મૂલ્યોનો શિક્ષણ થકી વિકાસ કરવામાં આવે છે. **ધોરણ ૧૦** સંસ્કૃતની પુસ્તકનું બાળકોના જીવન વિકાસ માટે ખૂબ ઉપયોગી છે. **સંસ્કૃત ધોરણ ૧૦ના પુસ્તકમાં ગદ્ય,**

**પદ્ય, સુભાષિત, મુક્તક, કથા, વાર્તા, પ્રસંગના** માધ્યમથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મૂલ્ય શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. **ધોરણ ૧૦ના** સંસ્કૃતની પુસ્તકમાં કુલ વીસ પાઠો છે.વિવિધ પાઠો અને મૂલ્ય પરક વિચારો દ્વારા બાળવિકાસ થાય છે. જેમ કે પ્રથમ પાઠ **सं वद्ध्वं** દ્વારા પ્રાર્થના, પ્રેરણા, પ્રાણીમાત્રની કલ્યાણ કામના, સામાજિક વ્યવહાર,આદર્શ પારિવારિક જીવન,દેશ હિતનાં મૂલ્યોની વાત કરવામાં આવે છે. **यद्भविष्यो विनश्यति** પાઠ દ્વારા મુશ્કેલીમાં બુદ્ધિનો ઉપયોગ કેવી રીતે કરવો? આળસના ત્યાગની મૂલ્ય વાત કરવામાં આવી છે.બીજા પાઠ **स्वस्थवृत्तं समाचर**માં વ્યક્તિગત દિનચર્યાત્મક મૂલ્યની વાત કરી પોતાની દિનચર્યા કેવી બનાવવાની તેનું સૂચન અહી કરવામાં આવેલ છે. આ પાઠ દ્વારા બાળકમાં ખાવા-પીવા, સંગતિ, ઉદ્યમશીલતા, સત્યપાલન, સદ્ગુણોના વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું છે. તૃતીય **जनार्दंस्य पश्चिमःसन्देश**: પાઠ ભણાવીને સંદેશ આપી શકે છે કે સમાધાનનો સ્વીકાર ન કરનાર પોતાનો અને કુટુંબનો વિનાશ કરે છે. સમાધાન મૂલ્ય દ્વારા યુદ્ધ અટકાવી શકાય છે? સમાધાન દ્વારા જીવન સંદર્ભી દરેક બાબતનું નિદાન કરી કલ્યાણ કરી શકાય છે. દુર્યોધન સમાધાનરૂપી મૂલ્યને અસ્વીકાર કરે છે. જેના કારણે કુટુંબનો નાશ કરે છે. અહીં બાળકોને સમાધાન રૂપ મૂલ્ય શિક્ષણની બાબતનો ખ્યાલ આવે છે. **गुणवती कन्या** પાઠ દ્વારા બાળક ગૃહસ્થ જીવનમાં કેવી રીતે આચરણ કરવું? પરિવારના દરેકની સંમતી લેવી, બુદ્ધિ દ્વારા સુખ મેળવી શકાય તેવા ગુણત્મક મૂલ્યશિક્ષણની વાતોથી બાળકો અવગત થાય છે. **काष्ठखंड**: પાઠ દ્વારા બાળકોને શીખ મળે છે કે સંસાર રૂપી સમુદ્ર ને પાર કરવામાટે ગુરુ જ્ઞાન જરૂરી છે.શિક્ષણના સિંચન માટે ગુરુ જ્ઞાન જરૂરી છે. **सुभाषित कुसुमानि** પાઠના સારા વાક્યો વ્યક્તિના ચરિત્ર ઘડતર માટે મિત્રની જેમ કાર્ય કરે છે. સજ્જનોનાં વચનોનું પાલન, વૃક્ષોની ઉપયોગિતા,પરીક્ષાથી જીવન વિકાસ,મહાપુરુષોના ગુણો, ધૈર્યવાન માણસના સ્વભાવનું વર્ણન થયું છે જેવા મૂલ્યો પાઠમાં દર્શાવવામાં આવ્યા છે. **साक्षिभूतःमनुष्य**: વર્તમાન સમયમાં દુર્ઘટના ખૂબ થાય છે અને માનવ જીવન નાશ પામે છે આ પાઠ સંદેશ આપે છે કે યાતાયાતના સાધનોનો અધિક ઉપયોગ ન કરવું અને નિયમોનું પાલન કરવું જેનાથી વિપત્તિનું નિવારણ થઇ શકે આજની યુવા પેઢી માટે આવા વિચારો દિશા સૂચન કરે છે. **चक्षुष्मान् अंध एव** પાઠ સંદેશ આપે છે કે ક્રોધી સ્વભાવ બાળવિકાસને અવરુદ્ધ કરે છે એટલે ક્રોધથી બુદ્ધિનો નાશ થાય છે.બુદ્ધિના નાશથી માણસનું પતન થાય છે? અહીં ક્રોધને નિયંત્રિત કરવાની વાત કરવામાં આવી છે.નિયંત્રિત બુદ્ધિથી પ્રેમ અને શાંતિનો પ્રસાર થાય છે.**त्वमेका भवानि** પાઠમાં સ્તુતિ અને પ્રાર્થના દ્વારા અંતઃકરણની પવિત્રતા અને ભક્તિનો માર્ગ મળવાની વાત કરેલ છે.જે માણસ ભગવાનની શરણ માં જાય તેની રક્ષા ઈશ્વર કરે છે.તેવી આધ્યાત્મિક મૂલ્યની વાત કરવામાં આવી છે.બાળકો ને આ વાત નો ખ્યાલ આવે કે સમર્પણ ભાવ ઈશ્વર પ્રત્યે રાખવાથી સાચું વિકાસ થાય છે. **यस्य जननं तस्य मरणं** પાઠમાં લોભ પાપનું કારણ છે. લોભ જુદી જુદી રીતના પાપ કરાવી ને કેવી રીતે માણસ ને હાનિ પહોંચાડે છે ? તે કથાના માધ્યમથી વાત કરવામાં આવી છે.બાળકોને લોભ પ્રવૃત્તિથી દૂર રાખવાનું સંદેશ આપે છે. **कलिकालसर्वज्ञो हेमचन्द्रः** ના પાઠમાંથી પ્રેરણા મળે છે કે કીર્તિ યશ સરસ્વતીથી મળે છે. લક્ષ્મીથી નથી એટલે સરસ્વતીની ઉપાસના બાળકને કરવી જોઈએ. હેમચંદ્રાચાર્યએ સરસ્વતી દ્વારા યશ પામ્યા હતા. બાળકની શિક્ષણ થકી વિકાસ યાત્રા સંભવ છે તેવા મૂલ્ય

પ્રસ્તુત પાઠમાંથી નિષ્પન્ન થાય છે. **गीता मृतं** પાઠ બાળકોને જ્ઞાન આપે કે ફળની પરવા કર્યા સિવાય પ્રત્યેક  માણસ જો પોતાનાં કર્તવ્ય કર્મમાં લાગેલો રહે તો સંસારમાં સુખ પ્રાપ્ત કરી શકે છે? ફળ ત્યાગ ગીતાનો કેન્દ્રવર્તી ઉપદેશ છે. આત્માની અમરતા, જન્મ મરણની અનિવાર્યતા, કર્મયોગ, જ્ઞાનનો મહિમા, સાત્વિક બુદ્ધિ, બાળકોના વિકાસ માટે ખૂબ ઉપયોગી છે જેનું વર્ણન પ્રસ્તુત ગીતાના પાઠમાં કરવામાં આવ્યું છે. **क इदं दुष्करं कुर्यात्** આ પાઠમાં વફાદારીનું નિરૂપણ, મિત્ર પ્રત્યે પ્રેમ, દોસ્ત સાથે મનોમન ઉત્તમ ભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે જે બાળકોના જીવન માટે ઉપયોગી છે. **जय:पराजयो व्रा** પાઠમાં મહાભારતનાં યુદ્ધના દુષ્પરિણામ તરફ ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું છે. યુદ્ધના પરિણામે નિર્દોષ પ્રાણીઓને ભોગવવા પડતાં દુઃખોનો ખ્યાલ મેળવીને દૂર રહેવાની ભાવનાનું ચિત્રણ કરવામાં આવ્યું છે. **अद्भुतं युद्धम्** જટાયુના માનવ ધર્મની વાત અને રાવણના અહંકારનો નાશ,સ્ત્રી પ્રત્યે આદર રાખવાની ભાવના આ પાઠથી મળે છે.બાળકને પોતાની જાત પર ક્યારેય અહંકાર ન કરવો જોઈએ તેવી વાત કરવામાં આવી છે. **स्वभाविकं सादृश्यं પાઠમાં** વ્યાકરણ દ્વારા પરસ્પર વ્યવહાર સૂર્ય અને અગ્નિનો સંબંધની વાત કરેલ છે. વ્યક્તિએ વિરુદ્ધ વ્યવહારમાં પણ શાંતિ રાખી સારો વ્યવહાર કરવો જોઈએ. સ્થાને અન્તરમ:સૂત્રમાં સ્થાન પરિવર્તન થાય પણ વ્યવહાર પરિવર્તન ન થવું જોઈએ આ વાત સ્પષ્ટ થાય છે. **मुक्तानि मुक्तकानि** પાઠ અંતર્ગત જીવનમાં મનોરંજન જરૂરી છે તે  ઉલ્લેખ થયો છે.જેનાથી મન પ્રસન્ન થાય છે માનવ જીવનને ઉત્તમ બનાવવા માટે ઉપાયોનો ઉપદેશ આપે છે.મુક્તકોનાં મૂલ્યથી જીવનમાં સફળતા મેળવી શકે છે. **सत्यं मयूरः** આ પાઠમાં માણસ ગમે તેટલો મોટો થઇ જાય તો પણ માતાના સંસ્કારો દૂર થઇ શકતા નથી?સંસ્કાર રૂપી મૂલ્ય શિક્ષણની અહીં વાત કરવામાં આવી છે. વિદ્યા ધર્મ,અર્થ કામ અને મોક્ષ માટે મેળવવી જોઈએ. ચતુર્વિધ પુરુષાર્થની પ્રાપ્તિ શિક્ષણનો મુખ્ય હેતુ છે.તેવા મૂલ્યની વાત કરવામાં આવી છે. **तथैव तिष्ठति** પાઠમાં દાન,હોમની મહિમા,માણસ પોતે પોતાની બુદ્ધિ દ્વારા વિચાર કરીને નિશ્ચય કરવું,મહાપુરુષોનું મન વજ્રની જેમ કઠોર અને ફૂલની જેમ કોમલ હોવાની વાત, દિલમાં દયાભાવ રાખવાની વાત પ્રસ્તુત પદ્યમાંથી મળે છે. આમ ધોરણ ૧૦ના દરેક પાઠમાંથી મૂલ્ય શિક્ષણ પ્રસ્ફુટિત થાય છે. જેનાથી બાળકોને વર્ગખંડમાં મૂલ્ય લક્ષી શિક્ષણ મળે છે. રાષ્ટ્રને સારા નાગરિકોની પ્રાપ્તિ થાય છે.આમ સંસ્કૃતની પુસ્તક દ્વારા મૂલ્ય શિક્ષણ  કેળવવામાં આવે છે.

## ૧૧. ઉપસંહાર

ઉપર્યુક્ત વિવેચન દ્વારા નિર્ણય કરવામાં આવે છે કે ધોરણ ૧૦ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાંથી મૂલ્ય શિક્ષણને લગતા વિચારોને પ્રાધાન્યતા આપવામાં આવી છે. દરેક પાઠ પોતાનું મૂલ્ય સૂચવે છે.પ્રત્યેક પાઠમાંથી માનવીય મૂલ્યોનું પ્રગટીકરણ થાય છે.બાળકના જીવન વિકાસ માટે જે મૂલ્યો આવશ્યક છે તેનું શ્લોક, સૂક્તિ, મુક્તક, ગદ્ય, પદ્ય દ્વારા ખૂબ સરસ અને ઊંડાણપૂર્વક મનોરંજનપૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું છે. સંસ્કૃત શિક્ષક વર્ગ ખંડમાં આનંદપૂર્વક અને મનોયોગ સાથે ભણાવીને બાળ વિકાસની યાત્રામાં પોતાનું યોગદાન આપે છે.

**સંદર્ભ સાહિત્ય**

1. ભગવતસિંહજી (૨૦૦૨),ભગવદ્ગોમંડળ (નવમો ભાગ ).રાજકોટ : પ્રવીણ પ્રકાશન.
2. ભર્તૃહરિ (૧૯૨૬),નીતિશતક.કલકત્તા પુસ્તક ભંડાર.
3. સુરેશ ચંદ્ર જ.દવે (વર્ષ ૨૦૨૪).સંસ્કૃત ધોરણ ૧૦.ગાંધીનગર:ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.
4. उचाट,डी.ए (२०१२). शिक्षण एवं मनोविज्ञान में संशोधन का पद्धति शास्त्र. (द्वितीयआवृत्ति). राजकोट: पारस प्रकाशन.
5. देसाई, एच. जी. और देसाई के. जी (१९९७).संशोधन पद्धति एवं प्रविधि (छठी आवृत्ति).अहमदाबाद : यूनिवर्सिटी ग्रन्थ निर्माण बोर्ड.
6. आचार्य, रामनारायण (२०१८). सुभाषितरत्नभाडारगारम्. वाराणसी :चौखम्बा संस्कृत सीरिज आफिस.
7. सत्यव्रत, सिह (संवत् २०२०). संस्कृत सूक्ति संग्रह. लखनऊ:अखिल भारतीय संस्कृत परिषद्.
8. नारायण, स्वामी (संवत् २०१४ ). संस्कृत सूक्तिसागर. काशी : अखि ल भारतीय विक्रम परिषद्.